Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

કારતક

પુસ્તક ૭૮ મું
અંક ૧
૧૫ મી નવેમ્બર

વીર સં. ૨૪૮૭
વિ. સં. ૨૦૧૮
ઇ. સ. ૧૯૬૧

★ ★

हासं किड्डं रइं दप्पं,
सहसाऽवत्तासियाणि य ।
बंभचेररओ थीणं,
नाणुचिन्ते कयाइ वि ॥ ११ ॥

पणीयं भत्तपाणं तु,
खिप्पं मयविवड्ढणं ।
बंभचेररओ भिक्खू,
निच्चसो परिवज्जए ॥ १२ ॥

પૂર્વાવસ્થામાં અનુભવેલાં સ્ત્રીઓનાં હાસ્ય, ક્રીડા, રતિ, દર્પ, આકસ્મિક અવત્રાસ અર્થાત ગમ્મત માટે કરવામાં આવેલી ઓચિંતી પજવણી—એ બધાંને બ્રહ્મચર્ય પરાયણ ભિક્ષુ કદી પણ પોતાના મનમાં ખ્યાલ સરખો પણ આવવા ન દે.

જેમાં દૂધ, ઘી, મલાઈ વગેરે ચિકાશવાળા રસદાર પદાર્થો ભારેભાર આવતા હોય એવાં પ્રણીત ભોજન અને પીણાં તો તરત જ ઉત્તેજના કરનારાં નિવડે છે, માટે બ્રહ્મચર્ય પરાયણ ભિક્ષુએ એવા પ્રકારનાં ભોજન તેમ જ પીણાંનો નિરંતર ત્યાગ જ કરવો ઘટે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૮ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


१ શ્રી જૈન ધર્મ પ્રકાશ .... .... (દોશી દુર્લભદાસ ત્રિભોવનદાસ) ૧

૨ વિક્રમ સંવત ૨૦૧૮ના નવા વર્ષની શુભાશિષ .... .... .... ૨

૩ નૂતન વર્ષાભિનંદન .... .... (દીપચંદ જીવણલાલ શાહ) ૩

૪ જીવનની સફળતા .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૪

૫ પ્રાગ્–ઐતિહાસિક યુગની ચાર ભારતીય વિલક્ષણ મહા નદીઓ
(શ્રી હીરાલાલ ર. કાપડીયા એમ. એ.) ૭

૬ જૈન ધર્મ પ્રસારક સભાનું બંધારણ .... .... .... ૯


## આ ભા ર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલિક શેઠશ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઈફ મેમ્બર પણ છે, તેમના તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ વિ. સં. ૨૦૧૮ની સાલના કાર્તિકી પંચાગ સભાના સભાસદ બંધુઓ, તેમજ "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકના ગ્રાહક બંધુઓને ભેટ આપવા માટે મોકલવામાં આવેલ છે, જે આ અંકની સાથે છે, જે સંભાળી લેવા વિજ્ઞપ્તિ છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરીએ છીએ.

## ખેદકારક સ્વર્ગવાસ

### ૧. શેઠ કુંવરજી જેઠાભાઈ


ભાવનગરનિવાસી શેઠ કુંવરજીભાઈ જેઠાભાઈ ૮૭ વર્ષની વયે આ. શુ. ૧૩ શનીવારના રોજ સ્વર્ગસ્થ થવાથી સભાને એક લાયક આજીવન સભ્યની ખોટ પડી છે તેઓ નમ્ર સ્વભાવના અને મિલનસાર વૃત્તિવાળા હતા અમો સ્વર્ગસ્થના આપ્તજનોને દિલાસો આપવા સાથે તેમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

### ૨. પારેખ પ્રેમચંદ ગોવીંદજી

અગીયાળીનિવાસી પારેખ પ્રેમચંદ ગોવીંદજી ૫૩ વર્ષની વયે આ. વદ ૧ મંગળવારના રોજ સ્વર્ગસ્થ થવાથી સભાને એક લાયક આજીવન સભ્યની ખોટ પડી છે તેઓ ભદ્રિક સ્વભાવના અને મિલનસાર વૃત્તિવાળા હતા અમો સ્વર્ગસ્થના આપ્તજનોને દિલાસો આપવા સાથે તેમના આત્માની શાંતી ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| | | |
|---|---|---|
| પુસ્તક ૭૮ મું<br>અંક ૧ | કારતક | વીર સં. ૨૪૮૮<br>વિક્રમ સં. ૨૦૧૮ |

## શ્રી જૈન ધરમ પ્રકાશ

રચયિતા : દોશી દુર્લભદાસ ત્રિભોવનદાસ

卐

શ્રી વીર પ્રભુને વંદન હજારો, નૂતન સંવત પ્રભાત હો પ્રભુજી,
જૈન ધર્મની વિજય પતાકા, નહીં દિગંતે ફરકાય. વીરજી....૧
નગર નગર ને ગામે ગામે, નવલ ધવલ ગવાય હો પ્રભુજી,
ધર્મ ધુરંધર વીર પ્રભુજી, વસીયા મોક્ષ મોઝાર. વીરજી....૨
રજની પ્રસરી સકલ જગતમાં, દિવ્ય શાસનની હિમ થાય હો પ્રભુજી,
મનાવ્યું પર્વ ત્યારે સર્વ જનોએ, સર્વ ગૃહે દીપક પ્રકટાય. વીરજી....૩
પ્રકટાવી જ્યોત જાણે જ્ઞાન તણીને, અંધકાર નાશ થાય હો પ્રભુજી,
કારમી વાત સુણીને નિર્વાણની, વિરહશોક ગૌતમને થાય. વીરજી....૪
શલ્ય મોહનું દૂર થતાં એ, નંદનવન કેવળનું રચાય હો પ્રભુજી,
ૐકારમાં લીન બનીને, દયાનિધિ પણ કેવળી થાય. વીરજી....૫
શ્રી વીર પ્રભુ અને ગૌતમસ્વામીને, નમીએ નિત્ય પ્રભાતે હો પ્રભુજી,
દિપાવલી ને નૂતન વર્ષે એમ, મંગળજ્ઞાન જ્યોત પ્રકટાય. વીરજી....૬

For Private And Personal Use Only

# વિક્રમ સંવત ૨૦૧૮ના નવા વર્ષની શુભાશિષ

(રાગ—આનંદ આનંદ આનંદ આજે, આનંદ અંગ ન માય)

શ્રી ગૌતમ સ્વામી મન સમરીને, શ્રુત દેવી;
પંચ પરમેષ્ઠીનું ધ્યાન ધરીને, વંદુ જીન ચોવીશ. અરે હાં વંદુ જીન ચોવીશ૦
ચતુર્વિધ ધર્મ ધારણ કરીને, તરવા ભવજળ તીર;
મનુષ્ય દેહ મહા પુન્યે મળીયો, મન વચ કરવા સ્થિર. અરે હાં મન વચ કરવા સ્થિર૦
આર્ય દેશને ઉત્તમ કુળે, સુદેવ સુગુરૂ યોગ;
જે જીવ દેવને પણ દુર્લભ, મળીયો એવો યોગ; અરે હાં મળીયો એવો યોગ૦
પણ હવે આ અમુલ્ય અવસર, ચુકીશ નહીં લગાર;
નહિંતર ખરેખર ભવ અટવીમાં, ભ્રમણ કરીશ અપાર. અરે હાં ભ્રમણ કરીશ અપાર૦
જાગીને તું જરૂર જો જે, ચીંતામણી આવ્યો હાથ;
ગત અવસર ફરીને આવે, રત્નત્રયીનો સાથ. અરે હાં રત્નત્રયીનો સાથ૦
તું તજ આજે નિંદ્રા મોહની, સંસાર સ્વપ્ન જાણ;
જૈન ધર્મમાં સમકિત પામ્યા, તે જ ખરૂં પ્રમાણ. અરે હાં તે જ ખરૂં પ્રમાણ૦
નથી જગમાં કોઈ કોઈનું, જાણો છે જરૂર;
ધર્મ છે ભવોભવ સાચો સાથી, શિવ મારગમાં શૂર. અરે હાં શિવ મારગમાં શૂર૦
રખડતાં લખ ચોરાસીમાં, જીવ અનંતા જોય;
મરમ ધર્મનો સમજે નહીં ત્યાં, મુક્તિ ક્યાંથી હોય. અરે હાં મુક્તિ ક્યાંથી હોય૦
પ્રથમ પંચ ઇંદ્રિના વિષયો, છોડો ચાર કષાય;
કામ ક્રોધ ને મોહ લોભથી, જીવ દુર્ગતિએ જાય. અરે હાં જીવ દુર્ગતિએ જાય૦
શક્તિ અનંતી આત્મતણી જે, ગોપવવી નહીં લગાર;
માન સહ માયા મુકો, શાસ્ત્ર તણે અનુસાર. અરે હાં શાસ્ત્ર તણે અનુસાર૦
સીન જેવા નાટકના હોય, તેવો આ સંસાર;
કરો સફળ આ માનવ ભવને, શિવસુખનો સહકાર. અરે હાં શિવસુખનો સહકાર૦
વાંછીત પામો નુતન-વર્ષે, બે હજાર અઢાર;
ચોક્કસ જાણો કંચનસૂરિ જે, ભાસ્કર પ્રગટે સાર. અરે હાં ભાસ્કર પ્રગટે સાર૦

卐

અંતર લિપીકા :
શ્રી પંચમ આરે પણ જાગતું જૈન ધર્મ પ્રકાશ માસીક વાંચો.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નૂતન વર્ષાભિનંદન

—શ્રી દીપચંદ જીવણલાલ શાહ

વિ. સં. ૨૦૧૮ના વર્ષે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" સત્યોતેર વર્ષ પુરા કરી અઠ્યોતેર વર્ષમાં પ્રવેશ કરે છે ગત વર્ષમાં આચાર્યશ્રી વિજયમોહનસૂરીશ્વરજી, પં. રૈવતવિજયજી, મુનિશ્રી હેમચંદ્રવિજયજી, મુનિશ્રી ભાસ્કરવિજયજી, મુનિશ્રી નેમવિજયજી, મુનિશ્રી મનમોહનવિજયજી, મુનિશ્રી રૂચકવિજયજી, મુનિશ્રી નિત્યાનંદવિજયજી તેમજ શ્રી કુંદનદાસ ત્રિભોવનદાસ, શ્રી બાલચંદ હીરાચંદ, શ્રીમતી સુશીલાબેન ઝવેરી, ભોજક મોહનલાલ ગીરધર, ડૉ. ભગવાનદાસ મહેતા, પ્રો. હીરાલાલ ર. કાપડીયા, શ્રી નર્મદાશંકર શાસ્ત્રી, ડૉ. વલ્લભદાસ, શ્રી અગરચંદ નાહટા, શ્રી અનંતરાય જાદવજી, શ્રી રાજમલ ભંડારી વગેરેનો તેમના પદ્યો માટે અને તેમના ગદ્યો માટે આભાર માનવામાં આવે છે. અને નૂતન વર્ષમાં તેઓ સર્વેનો સહકાર ચાલુ રહેશે તેવી આશા રાખવામાં આવે છે. વળી પદ્યો અને લેખો વખતસર નહિ મળતાં હોવાથી માસિકને કદાચ "ત્રિમાસિક" કરવું પડે તેવી ભીતિ રાખવામાં આવે છે.

વર્તમાનકાળમાં દુનિયાનું વાતાવરણ ક્ષુબ્ધ બનેલું છે. આજની દુનિયાના બધા દેશો અસંતોષ, ભય, વિદ્રોહ, વૈમનસ્યના ઝંઝાવાતોથી મુક્ત નથી. આજનો સભ્ય અને સુશિક્ષિત માનવી દેવ બનવાને બદલે દાનવ બની રહ્યો છે અને પોતાની સંસ્કારીતાના નાશ તરફ પગલાં માંડી રહ્યો છે.

આજનો માનવી કેવળ ભૌતિક સુખ પ્રાપ્ત કરવા માટે આંધળી દોટ મૂકી રહ્યો છે પણ મૃગજળથી તૃષા શાંત થતી નથી તેમ તેની સુખ પ્રાપ્ત કરવાની વૃત્તિ સંતોષ અનુભવતી નથી. એક સુખ પ્રાપ્ત થયા પછી તરત જ તેનું મન બીજું સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે. પરિણામે સુખ પ્રાપ્ત કરવાની વૃત્તિનો અંત આવતો નથી અને માનવી આવી તેની વૃત્તિને લીધે દુઃખ અનુભવે છે કારણ કે સંસારના દરેક સુખ સુખ નથી પણ માત્ર સુખાભાસ છે.

આપણા પૂર્વજોએ આપણા માટે શાસ્ત્રોની રચના કરી છે તે શાસ્ત્રોના ગ્રંથોને જો ભંડારોમાં જ સંઘરી રાખીએ તો તેનો કશો અર્થ નથી. આપણા પૂર્વજો તરફથી આપણને જે શાસ્ત્રગ્રંથોનો અમૂલ્ય વારસો મળ્યો છે તેમને વાંચન, શ્રવણ, મનન, ચિંતન અને પરિશીલન મારફત ટકાવી રાખવા એ આપણી ફરજ છે પણ અફસોસની વાત એ છે કે જ્ઞાન શ્રવણ સિવાય જીવનમાં આપણે કોઈ પણ પ્રગતિ કરતા નથી.

અત્યારે ધાર્મિક પરીક્ષા લેતી જુદી જુદી સંસ્થાઓનું એકીકરણ થયેલ નથી તેથી ધાર્મિક પરીક્ષાઓ જુદા જુદા સમયે લેવાય છે અને વિદ્યાર્થીઓ જુદી જુદી પરીક્ષાઓમાં બેસે છે તેથી તેઓ બરાબર અભ્યાસ કરી શકતા નથી. વિદ્યાર્થીઓને શરૂઆતમાં પંચપ્રતિક્રમણના સૂત્રો અને નવસ્મરણો જ શીખવવા જોઈએ. કે જેથી વિદ્યાર્થીઓ તેનો બરાબર અભ્યાસ કરી શકે. ચાર વર્ષ પછી સૂત્રો સાથે તેમને સૂત્રોના અર્થ અને બીજા ભાષ્યોનું જ્ઞાન આપવું જોઈએ. શરૂઆતમાં સૂત્રો સાથે અર્થ વગેરે પર ભાર મુકવો જરૂરી નથી પણ સૂત્રો સાથે સૂત્રોનો ભાવાર્થ સમજાવવા જરૂરી છે.

આપણા સમાજમાં "સાહિત્ય સંસ્થા" તરીકે આ સભાનું સ્થાન પ્રથમ છે. આગમો, કથાઓ, તત્ત્વજ્ઞાન, પૂજા વગેરેના અનેક ગ્રંથોને આજ સુધીમાં આ સભાએ પ્રકાશિત કર્યા છે. ગયે વર્ષે જ "જૈન રામાયણ" નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. આ વર્ષે "શ્રી મહાવીર ચરિત્ર" અને અન્ય ગ્રંથો પ્રસિદ્ધ કરવા વિચાર રાખે છે. જ્ઞાન પ્રચારમાં રસ લેતા ગૃહસ્થોના સહકારની અમે આશા રાખીએ છીએ. સ્વજનના શ્રેયાર્થે આપને આવા પુસ્તકોના પ્રકાશન અંગે પત્રવ્યવહાર કરવાની વિજ્ઞપ્તિ છે.

આ નૂતન વર્ષ સર્વે લાઇફ મેમ્બરોને, સભાસદ બંધુઓને અને પ્રકાશના ગ્રાહક બંધુઓને સુખરૂપ નિવડો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

For Private And Personal Use Only

# જીવનની સફળતા

લેખક : બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

મનુષ્ય એટલે મનન કરનારો પ્રાણી. માનવમાં મનનું જ પ્રાધાન્ય હોય છે. માનવેતર પ્રાણીઓમાં મન નદ્દન હોતું જ નથી, એમ નથી. પણ તેમનું મન નદ્દન અવિકસિત અને લગભગ સુપ્તાવસ્થામાં હોય છે. તેથી જ તે પ્રાણીઓ પોતાનો વિકાસ સાધી શકતા નથી. માનવ મનથી દરેક કાર્ય કરતા મનથી વિચાર કરે છે, અને મનનશીલતા એ માનવનો સ્વભાવ વિશેષ છે, તેથી જ તે માનવ કહેવાય છે. એક સુભાષિતકાર કહે છેઃ—

तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिणः ।
स जीवति मनो यस्य मननेनोपजीवति ॥

એટલે વૃક્ષો અને વનસ્પતિઓ પોતાની પદ્ધતિથી જીવે છે, તેમ જાનવરો અને પક્ષીએ. પણ જીવે તો છે જ. તેમનું જીવન એક આયુષ્ય ભોગવી પૂરું કરવા માટે જ હોય છે. તેઓના જીવનમાં આત્માની ઓળખાણ થવાનો સંભવ હોતો નથી. એટલા માટે જ જે મનનપૂર્વક જીવે છે અને પોતાના આત્માને ઓળખી પોતાના સાચા સ્વરૂપની ઓળખાણ કરી તેનો વિકાસ સાધવા માટે પ્રયત્ન કરે છે, અને એમ કરી પોતે બંધનમુક્ત થાય છે, એવા માનવનું જ જીવન જીવ્યું ગણાય.

એક દિવસે જન્મવું, ઇંદ્રિયોના ભોગવિલાસના સાધનો પૂરા પાડવા અને એનો ભોગવટો કરી આત્મા માટે નવા બંધનો ઉત્પન્ન કરી એક દિવસે છેલ્લો શ્વાસ મૂકવો એ જીવન કેવું કહેવાય? પણ પક્ષીઓના અને વનસ્પતિઓના જીવનમાં અને માનવી જીવનમાં ફેર શો? કદાચ એમ પણ કહી શકાય કે નવા આકરા કર્મો પશુ પક્ષીઓ ઓછા બાંધી શકે છે. કારણ તેમની પાસે પાપકર્મોની નવી નવી યોજના તૈયાર કરવા માટે માનવની પેઠે વિચાર કરવાની શક્તિ હોતી નથી. તેથી જ એવા વિવેકહીન માણસનું જીવન પશુ પક્ષીએ અને વનસ્પતિ કરતાં પણ નીચું અને તુચ્છ ગણાતું જોઈએ કારણ માણસને જે વિચાર કરવાની શક્તિ મળેલી હોય છે તેનો ઉપયોગ કરી માનવ નવ. નવા કર્મો કરવાની યોજનાઓ ઘડી શકે છે. અને તેને લીધે એ યોજના-બદ્ધ અનેક પાપના માર્ગો શોધી કાઢે છે. ત્યારે વનસ્પતિ કે પશુ પક્ષીઓમાં રહેલા જીવો એવું નવું પાપકર્મ કરી શકતા નથી. મન અને બુદ્ધિ એ માનવના હાથમાં આવેલું અમોઘ શસ્ત્ર છે એ શસ્ત્ર જો એ યોગ્ય માર્ગે વાપરે તો અસાધારણ સિદ્ધિઓ મેળવી શકે છે. પણ એ જ શસ્ત્રનો જો એ અયોગ્ય માર્ગે ઉપયોગ કરે તો મહાન અનર્થ પણ ઉપજાવી શકે છે.

હાલમાં વિજ્ઞાનની પાછળ એટલો માણસ દોડી રહ્યો છે કે, દી' ઉગે છે અને નવી શોધની વાતો સંભળાય છે, એ વિજ્ઞાન ક્યાં જઈ અટકવાનું છે એ કોઈ કહી શકે નહીં. જે વસ્તુ ગઈ કાલે અશક્ય જેવી લાગતી હતી તે જ વસ્તુ આજે સામાન્ય ઘટના જણાવા માંડી છે. એ જોઈ કેટલાએક વિચારકો તો શું પણ ખુદ વિજ્ઞાનના સંશોધકો પણ વિચારમાં પડી ગયા છે. આ શું થઈ રહ્યું છે? એનો અંતે શું થવાનું છે? અમારા સંશોધનથી જગતમાં કલ્યાણ અને સમાધાન થવાનું છે કે, અનર્થની પરંપરા જાગવાની છે? એવો વિચાર લોકો કરવા માંડ્યા છે. એનું કારણ શું છે? એ અટપટો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. દ્રવ્યમાં રહેલી અનંતી સુપ્ત શક્તિ પ્રગટ કરવી અને તેથી અભિમાનતા વધારવું એને પાપ શી રીતે કહી શકાય? અનંતી પ્રચંડ શક્તિ શોધી કાઢી તેનો આવિષ્કાર કરવો એ જ પાપ ગણાતું હોય તો અત્યારની સુખ-સગવડો અ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિજ્ઞાન નિર્મિત ઇંદ્રિય શક્તિનો વેગ અને કાર્યસાધકતા એ ખોટી જ કહેવી જોઇએ. પણ જ્યારે આપણે બધા વિજ્ઞાનનો સરેરાશ ઉપયોગ કરતા હોઇએ ત્યારે એ ખોટું છે, ને પાપ છે, એ ક્યા મોઢે કહી શકીએ ?

જ્યારે શરીર ફક્ત આધિભૌતિક દૃષ્ટિએ વધી ખૂબ બળવાન બને છે, ત્યારે તેથી શું થાય છે? શરીરની માંસલ અને આઘાત સહન કરવાની શક્તિ જ ફક્ત વધે છે ત્યારે દુર્બળોને ધક્કા મારવાની વૃત્તિ જાગે છે. અને દુર્બળોને બચાવવાની એની શક્તિ ખોટા માર્ગે વળે છે. અને ઉપકાર કરવાને બદલે અપકાર કરવાની વૃત્તિ પ્રબળ બને છે. એનું કારણ એટલું જ છે કે આધિભૌતિક જડ શક્તિની સાથે માનસિક આધ્યાત્મિક શક્તિનો પણ વિકાસ થવો જોઇએ. આરોગ્યની શરીરને જરૂર છે, તેવી જ રીતે મનની આરોગ્યતાની પણ જરૂર છે. મન દુર્બળ હોય તો તે સહેજે ખોટા માર્ગે વળે છે. અને આરોગ્યને નષ્ટ ને ભ્રષ્ટ કરી નાખે છે.

વિજ્ઞાન વધ્યું એટલે જડ શક્તિ વધી! પણ તેની સાથે જો આધ્યાત્મિક શક્તિ દુબળી જ રહી તો એ જડશક્તિ અનેક અનર્થો નિર્માણ કરે છે, એ ધ્યાનમાં રાખવું જોઇએ. અણુશક્તિની શોધ એટલે એક પ્રચંડ શક્તિની શોધ! એ શક્તિનો ઉપયોગ વિધાયક કાર્ય માટે કરી શકાય તેમ વિઘાતક કાર્ય માટે પણ થઇ શકે! એ શક્તિ જો જડવાદી અને મનનો સાચો ઉપયોગ કરી જાણતો ન હોય અને જેની પાશવી શક્તિ જ પ્રબળ હોય એવા માનવ દેહધારી શેતાનના હાથમાં આવી પડે ત્યારે તેનો વિઘાતક કાર્ય માટે જ ઉપયોગ થાય એ દેખીતું છે. એટલા માટે જ અમો કહીએ છીએ કે માનવની માનસિક શક્તિનો આધ્યાત્મિક માર્ગે વિકાસ થવો જોઇએ.

હાલમાં વિજ્ઞાનની શોધનો દુરૂપયોગ થતો હોય અને જગતમાં શાંતિ સુખ જોખમમાં મૂકાયું હોય તો તેનું કારણ આધ્યાત્મિક વિકાસનો અભાવ એ જ છે. એનો દોષ કોને માથે મૂકી શકાય? વૈજ્ઞાનિક શક્તિના દુરૂપયોગથી સરળ અને સાધુહૃદયના માણસને કંપારી છૂટે છે! અને એ ગભરાઇ જઇ પોતાના મનનું સમતોલપણું ગુમાવી બેસે તેની ઉપર દોષનો ટોપલો ઢાળવે છે. પણ દોષનો ટોપલો બીજાઓને માથે ઢોળવવા કરતાં આપણે આધ્યાત્મવાદનો ફેલાવો કરવા માટે શું કર્યું? કયો ફાળો નોંધાવ્યો એનો વિચાર કરવો જોઇએ.

બ્રિટિશો પાસેથી સ્વરાજ્ય મેળવવાનું હતું ત્યારે ભારતના બધા દેશભક્તોએ અને વિશેષે કરીને મહાત્મા ગાંધીજીએ એવું તો પ્રબળ આંદોલન જગાડ્યું કે તેના પરિણામે આખા જગતનું ધ્યાન તે તરફ દોરાયું. અને ભારતના નાના મોટા, સૂજ્ઞ અજ્ઞ, પંડિત અપંડિત, ગરીબ તવંગર, સ્ત્રી પુરૂષ બધા જ એક માળામાં ગુંથાઇ ગયા અને બધાઓનો 'સ્વરાજ્ય' એ એક જ મંત્ર બની ગયો. વિજ્ઞાનની જેઓ શોધખોળ કરે છે તે માનવો પોતાનું સર્વસ્વ તે પાછળ અર્પણ કરી એક ક્ષણમાત્ર પણ વિસામો લીધા વિના કાર્ય કરે જાય છે. તેમને તરત જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે એમ તો છે જ નહીં. અનેક જાતની કપરી કસોટીમાંથી તેમને પસાર થવું પડે છે. કેટલાએકોએ તો પોતાના પ્રાણ પણ વિજ્ઞાન પાછળ ખોએલા છે. અને વિજ્ઞાનની સિદ્ધિ કદાચ ત્રીજી કે ચોથી પેઢીને મળી છે. આધ્યાત્મિક સિદ્ધિ માટે આપણે એવું કાંઇક કર્યું છે કે? એનો જવાબ જ્યાં સુધી આપણે હકારમાં આપી શકતા ન હોઇએ ત્યાં સુધી આપણા શુષ્ક શબ્દોચ્ચારની શું કીંમત હોઇ શકે?

વિજ્ઞાનની સંહારક શક્તિનો છૂટથી ઉપયોગ થઇ રહ્યો છે. હિંસા વધી છે, એના ખૂબ બરાડા ચાર ભીંતોથી બદ્ધ થએલા ઓરડામાં અને પોતાના જ ગોઠીઆ અને અનુયાયિઓ આગળ પાડવાથી શું થઇ શકે? અધ્યાત્મવાદથી આપણું મન રંગાએલું હોય, માનવતા માટે આપણું હૃદય રડતું હોય તો આપણે અધ્યાત્મિકતા માટે કેટલા ઉજાગરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેડ્યા ? કેટલો પુરુષાર્થ ફેરવ્યો ? કેટલી ભૂખ તરસ વેઠી ? લોકોની આગળ અને સુધારકોની આગળ આપણા મંતવ્યો કેવા રૂપમાં અને કેવી કુશળતાથી મૂક્યા ? આપણા અધ્યાત્મવાદનો પ્રચાર કરવા માટે કયું આંદોલન ચલાવ્યું ? શુષ્ક અને અર્થહીન આચાર કેટલા માટે આપણે જે વાત્સલ્યથી નિર્માણ કરી લીધો જાતનો પ્રયત્ન આપણે આદર્યો શું ? માનવજીવનની સફળતા કેવી રીતે અને જગતને એ માર્ગ બતાવવા માટે આપણે શું કર્યું ? એ બધા પ્રશ્નોનો જવાબ જો નકારમાં જ આપવો પડતો હોય તો આપણે માથું નીચું જ રાખવું પડશે ! આવી પરિસ્થિતિમાં આપણે બીજાઓની નિંદા જ કરતા રહીએ એ પ્રકાર કેવો ?

આધુનિક પ્રચારતંત્ર જ્ઞાતંત્ર મનઃપૂર્વકતાથી ઉપયોગમાં લાવતા હોઈએ તો માનવ તરીકે આપણે જગતને સારો જેવો માર્ગ બતાવી શકીએ. એમાં શંકા નથી. પણ આપસમાં એકેકના છતા કે અછતા દોષો બતાવી છાપાના પાના ભરવા હોય કે આપસમાં વેરઝેર પાથરવા હોય ત્યાં આવી વાતો તરફ ધ્યાન અપાય શી રીતે ?

આપણાં જીવનની સફળતાનું ક્ષેત્ર આપણે એટલું સંકુચિત કરી રાખ્યું છે કે એને વધુ વિચાર કરવાને અને જગતનો સાંપ્રત માર્ગ કયો છે ? અને એનની ક્ષુધા પિપાસાઓ કયા માર્ગે વધી રહી છે અને એને તૃપ્ત કરવા માટે શું કરવાની આવશ્યકતા છે, તેનો વિચાર કરવાને અમને ફુરસદ જ નથી. અમને પોતાને જ સર્વજ્ઞ માની આત્મવંચના કરતા રહેવામાં આનંદ આવે છે. હજુ અમારામાં પાશવી વૃત્તિ મટી માનવતા આવવાને વાર છે એમ કહ્યા વગર રહેતું નથી. ઇત્યલમ્.

## બાર વ્રતની પૂજા અર્થ–સહિત
### [ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઈ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના.

લખોઃ–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર આઠ આના

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાગ્-ઐતિહાસિક યુગની ચાર ભારતીય વિલક્ષણ મહા નદીઓ

## [ ઉન્મગ્ન-જલા અને નિમગ્ન-જલા નામની બબ્બે નદીઓ ]

લેખક : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

પ્રાગ્-ઐતિહાસિક યુગમાં અને તે પણ આ ભારતવર્ષ ઉપર કૌશલિક ઋષભદેવના સૌથી મોટા પુત્ર ભરત નરેશ્વર પોતાની આયુધશાળામાં ચક્ર-રત્ન ઉત્પન્ન થતાં સમગ્ર ભારતવર્ષ ઉપર પોતાની સત્તા જમાવવા-એના છ યે ખંડો જીતવા મોટા સૈન્ય સાથે ઉપડે છે. એઓ એક પછી એક પ્રદેશ સર કરતા જાય છે. એ દિગ્વિજયનું-ચક્રવર્તીત્વનું વિસ્તૃત વર્ણન જંબુદ્દીવપણ્ણત્તિ (સં. જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ) નામના જૈન આગમમાં-ધાર્મિક ગ્રંથમાં મળી આવે છે. આ આગમ ઈ. સ. ની પાંચમી સદી જેટલો તો પ્રાચીન છે. એમાં સૂચવ્યા મુજબ ભરત સૌથી પ્રથમ પોતાની રાજધાની વિનીતા અને અયોધ્યાથી નીકળી પ્રદેશો જીતતા જીતતા 'માગધ' તીર્થના અધિપતિ અને 'માગધકુમાર'ની જાતના એક દેવને પોતાનો સેવક બનાવે છે. પછી એઓ 'વરદામ' તીર્થના અને 'પ્રભાસ' તીર્થના અધિપતિઓને પણ એ રીતે વશ કરે છે. ત્યાર બાદ 'સિન્ધુ' દેવીએ ભરતની સેવામાં હાજર થાય છે. ત્યાર પછી 'વૈતાઢ્ય' પર્વતનો અધિપતિ દેવ પણ ભરતનું બહુમાન કરે છે. એ 'વૈતાઢ્ય' પર્વત 'ભરત' ક્ષેત્રનાં બરાબર વચ્ચો વચ્ચ પૂર્વથી પશ્ચિમ સુધી આવેલો છે. એમાં પશ્ચિમ બાજુએ 'તિમિસ્સ' (સં. તિમિસ્રા) નામની ગુફા છે. કેટલાક તિમિસ્રાને બદલે તિમિસ્રાનો ઉલ્લેખ કરે છે. આ ગુફા પચાસ યોજન લાંબી, બાર યોજન પહોળી અને આઠ યોજન ઊંચી છે. એના બરાબર મધ્ય ભાગમાં એટલે કે એ ગુફાના દક્ષિણ દરવાજેથી 'તોડક' સહિત ગણતાં ૨૧ યોજને એક મહાનદી અને એ ગુફાના ઉત્તર દરવાજેથી 'તોડક' સહિત ગણતાં ૨૧ યોજને બીજી મહાનદી એમ બે મહાનદીઓ આવેલી છે. એનાં નામ 'ઉમ્મગ્ગ-જલા' (સં. ઉન્મગ્ન-જલા) અને 'નિમગ્ગ-જલા' (સં. નિમગ્ન-જલા) છે. 'ઉન્મગ્ન-જલા' નદીનું નામ જ કહી આપે છે તેમ એમાં ગમે તેવી ભારી વસ્તુ પણ ડૂબી જતી નથી. એ નદીને અંગે ઉપર્યુક્ત આગમમાં કહ્યું છે કે તૃણ(ઘાસ), પત્ર, કાષ્ઠ, શર્કરા(પત્થરનો ટુકડો), અશ્વ, હાથી, રથ, સુભટ અને મનુષ્ય એ કોઈ પણ તેમાં પડે તો એ નદી પોતાના જળવડે નિરંતર પ્રહાર કરીને એકાન્તમાં-જળથી દૂર, નિર્જળ પ્રદેશમાં-કાંઠા ઉપર ફેંકી દે છે.[1] જાણે તુંબડું ન હોય તેમ શિલા પણ એમાં તરે છે.[2]

'નિમગ્ન-જલા' નામની નદીને વિષે એમ કહેવાય છે કે એમાં ઉપર્યુક્ત તૃણ વગેરે જે કંઈ પડે તેને એ નદી એને જળમાં ડુબાડી દે છે એમાં ડૂબતી પણ પથ્થરની જેમ ડૂબે છે.

આ બંને નદીઓ સદા વહેતી રહે છે; એ બંને નદીઓ 'તિમિસ્રા' ગુફાની પૂર્વ દિશાના કટકમાંથી એટલે કે ભીંત-પ્રદેશમાંથી નીકળી પશ્ચિમ કટકમાં થઈને 'સિન્ધુ' નદીમાં દાખલ થાય છે. બંને બાર બાર યોજન લાંબી છે અને ત્રણ ત્રણ યોજન પહોળી છે અને એ બે મહાનદીઓ વચ્ચે બે યોજનનું અંતર છે. આ ઉત્તર-દક્ષિણ વિસ્તારવાળી બંને

1. સમુદ્ર માટે એમ કહેવાય છે કે એમાં કોઈ ડૂબે તો તેનું શબ ત્રીજે દિવસે એ સમુદ્ર એ શબને કાંઠા ઉપર ફેંકી દે છે-પોતાની છાતી ઉપર કે પોતાના પેટમાં રાખતો નથી.

2. સરખાવો "રામનામે પથ્થર તર્યા." આજે એવા પથ્થર મળે છે કે જે પાણીમાં તરે છે. આવો એક પથ્થર તો આપણા આ શહેરમાં પણ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહાનદીઓ ઉપર ભરતે દિગ્વિજય દરમ્યાન એકેક પૂલ બંધાવ્યા હતા.

ઉપર્યુક્ત 'વૈતાઢ્ય' પર્વતમાં પશ્ચિમ દિશાએ જેમ 'તિમિસ્રા' ગુફા છે તેમ એ પર્વતમાં પૂર્વ દિશાએ 'ખંડપ્રપાતા' નામની ગુફા છે. એ 'તિમિસ્રા' ગુફાને અનેક બાબતમાં મળતી આવે છે. જાણે એ એની આબેહૂબ નકલ જ ન હોય! 'ખંડપ્રપાતા' ગુફા 'તિમિસ્રા'ના જેટલી જ લાંબી, પહોળી અને ઊંચી છે. એને પણ 'તિમિસ્રા'ની જેમ દરવાજા છે. વળી એ ગુફામાં પણ એના દક્ષિણ દ્વારથી 'તોરૂટ' સહિત ગણતાં ૨૧ યોજને 'ઉન્મગ્ન-જલા' નદી આવેલી છે અને એ ગુફાના ઉત્તર દ્વારથી 'તોરૂટ' સહિત ગણતાં ૨૧ યોજને 'નિમગ્ન-જલા' નદી આવેલી છે. એ બંને નદીઓ 'તિમિસ્રા' ગુફાની એ જ નામની નદીઓના જેટલી જ લાંબી અને પહોળી છે અને એ બે નદીઓ વચ્ચે પણ બે જ યોજનનું અંતર છે. તફાવત એ છે કે 'ખંડપ્રપાતા' ગુફાની એ બે મહાનદીઓ એ ગુફાની અંદરના પશ્ચિમ કડાહમાંથી નીકળી એ ગુફામાં ૧૨ યોજન વહી પૂર્વ કડાહમાં થઈને 'ગંગા' નદીને મળે છે.

આમ [1]ભરતક્ષેત્રમાં-ભારત વર્ષમાં [2]વૈતાઢ્ય પર્વતમાં ચાર વિલક્ષણ મહાનદીઓ છે, એમાંથી એકેની ઊંડાઈ જાણવામાં નથી. એવી રીતે બે ગુફાઓ વચ્ચે કેટલું અંતર છે તેમ જ ગુફાઓ વૈતાઢ્ય પર્વતની તળેટીથી કેટલી ઊંચી છે તે પણ જાણવું બાકી રહે છે.

જેમ ભરત ચક્રવર્તીએ 'તિમિસ્રા' ગુફાના દક્ષિણ દ્વારથી એમાં પ્રવેશ કર્યો તેમ ખંડપ્રપાતાના ઉત્તર દ્વારથી તેમ કર્યું હતું. આ બંને ગુફાઓ તેમ જ એ બંનેની બબ્બે ઉપર્યુક્ત મહાનદીઓનો સામાન્ય ખ્યાલ આવે એવું એક ચિત્ર વડોદરાથી ઈ. સ. ૧૯૩૪માં પ્રકાશિત "લઘુક્ષેત્રસમાસ" (વિસ્તરાર્થાદિ સહિત)માં પૃ. ૧૫૦ની સાથે અપાયેલું છે.

ચક્રવર્તીનું રાજ્ય જ્યાં સુધી રહે અથવા તો એ જીવે ત્યાં સુધી જ આ બે ગુફાઓ ઉઘાડી રહે છે અને પૂલ પણ કામમાં આવે છે.

ઉપર્યુક્ત 'ઉન્મગ્ન-જલા' નદીમાં જેમ કદી કોઈ ડૂબતું નથી તેમ પશ્ચિમ-એશિયામાં જોર્ડન અને ઈઝરાયલની વચ્ચે એક જળાશય આવેલું છે એ જળાશયને 'મૃત સરોવર' તેમ જ 'મૃત સમુદ્ર' (Dead sea) પણ કહે છે. એ જળાશય કોઈ સમુદ્ર સાથે જોડાયેલું નથી.

પૃથ્વીના પોપડા ઉપર કોઈ કોઈવાર સમાંતર ફાટ પડે છે. એ ફાટની વચ્ચેની જમીન ધરતીકંપથી કે અન્ય કોઈ કુદરતી ક્રિયાથી બેસી જતાં ઊંડી ખીણ બને છે. એ ખીણને 'ફાટની ખીણ' કહે છે. આવી એક ખીણ દરિયાની સપાટીથી ૧૨૦૦ ફૂટ ઊંડી છે. એમાં ઉપર્યુક્ત જળાશય આવેલું છે. 'જોર્ડન' નદી આ ખીણમાં થઈને જળાશયને મળે છે.

કેટલાકનું કહેવું છે કે બાષ્પીભવનથી એ જળાશયનું પાણી ખૂબ ખારું બન્યું છે. એ જળાશય પહેલાં તો ઘણું મોટું હતું પરંતુ એનું પુષ્કળ પાણી સૂકાઈ જતાં એ નાનું બની ગયું છે અને એની ખારાશ ઘણી વધી ગઈ છે. એમ મનાય છે કે એની એ ખારાશને લઈને-એમાં વધુ પ્રમાણમાં મીઠું હોવાથી જે માણસને તરતાં આવડતું ન હોય તે પણ એ જળાશયમાં ડૂબતો નથી. એ જળાશયમાં મીઠા ઉપરાંત બ્રોમાઈડ વગેરે રસાયણો પણ છે.

૧. આજે આપણે જેને ભારત દેશ યાને હિન્દુસ્તાન(India) કહીએ છીએ તેના કરતાં આ ક્ષેત્રવર્ષ જૈન મંતવ્ય અનુસાર ઘણું જ વિશાળ છે.

૨. આ પર્વતનો એક છેડો પૂર્વ સમુદ્રમાં તો બીજો પશ્ચિમ સમુદ્રમાં રહેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## —: આમુખ :—

'શ્રી જૈન ધર્મ પ્રસારક સભા'ના નામે આ સંસ્થાની સ્થાપના સંવત ૧૯૩૭ના શ્રાવણ શુદ ૩ ત્રીજના રોજ થયેલ છે. તેના આ પહેલાના બંધારણને સ્થાને નવું બંધારણ કરવાની જરૂર લાગતા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની સંવત ૨૦૧૭ ના ભાદરવા શુદ ૭ ના રોજ મળેલ જનરલ સભાની મીટીંગમાં પસાર થયેલ અને સં. ૨૦૧૭ ના ભાદરવા શુદ ૭ તા. ૧૭-૯-૬૧ થી અમલમાં આવતું બંધારણ.

## —: બંધારણ :—

૧. નામ :

આ સંસ્થાનું નામ "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા" રહેશે.

૨. કાર્યાલય :

આ સંસ્થાની મુખ્ય ઓફિસ શહેર ભાવનગરમાં રહેશે.

૩. ઉદ્દેશ :

સંસ્થાના ઉદ્દેશો નીચે પ્રમાણે રહેશે :—

જૈન શાસ્ત્રો અને સાહિત્યનો ફેલાવો જૈન તેમ જ જૈનેતરોમાં ભારત તેમ જ પરદેશોમાં થાય તથા સમાજમાં જ્ઞાન તેમ જ ધાર્મિક તથા સામાજિક કેળવણી વધે તે આ સંસ્થાનો ઉદ્દેશ છે. આ ઉદ્દેશ સફળ કરવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવી એ આ સંસ્થાનું કાર્યક્ષેત્ર છે.

૪. વર્ષ :

આ સંસ્થાનું હિસાબી તેમ જ અન્ય કાર્યો માટેનું વર્ષ વિક્રમ સંવત મુજબ કારતક શુદ ૧ થી આસો વદી ૦)) સુધીનું ગણાશે.

૫. સભ્યો :

એકવીસ વર્ષની ઉંમર પુરી કરી હોય તેવી કોઈ પણ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વ્યક્તિ અથવા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સંસ્થા કે જ્ઞાનભંડાર નીચે મુજબ આ સંસ્થાના સભ્ય થઈ શકશે.

(ક) આ સંસ્થાને એકી સાથે રૂા. ૫૦૧–૦૦ કે તેથી વધારે રકમ આપનાર આ સંસ્થાના આશ્રયદાતા ( Patron ) ગણાશે.

(ખ) આ સંસ્થાને એકીસાથે રૂા. ૧૦૧ ની રકમ આપનાર આ સંસ્થાના આજીવન સભ્ય ( Life Member ) ગણાશે.

નોંધ : ૧. કોઈપણ સંઘ, જ્ઞાનભંડાર કે ધાર્મિક સંસ્થા ઓછામાં ઓછા રૂા. ૧૦૧ આપે તો તેઓ આજીવન સભ્ય ગણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ગ) આ સંસ્થાને વાર્ષિક રૂ. ૫–૦૦ નું લવાજમ ભરનાર સામાન્ય સભ્ય (Ordinary Member) ગણાશે.

નોંધ : ૧. હાલના સભ્યો જે વર્ગમાં ગણાતા હોય તે વર્ગમાં ગણાશે.

નોંધ : ૨. લવાજમ જે વર્ષનું ભરાયું હશે તે જ વર્ષમાં લવાજમ ભરનાર સભ્ય ગણાશે. લવાજમ ગમે તે માસમાં ભરાયું હશે છતાં તે લવાજમ સંસ્થાના ચાલુ વર્ષનું લવાજમ ગણાશે અને સભ્યપદ તે વર્ષના આસો વદી અમાસના રોજ પુરું થશે. જેમનું લવાજમ સંસ્થાના ચોપડે જમા નહીં થયું હોય તેઓ સભ્ય ગણાશે નહીં.

નોંધ : ૩. કોઈ પણ સભ્યે જે વર્ગનું લવાજમ ભર્યું હશે તે ખુટતી રકમ આપીને ઉપલા કોઈ પણ વર્ગના સભ્ય થઈ શકશે.

નોંધ : ૪. કોઈ પેઢી કે કંપની સભ્ય થઈ શકશે નહીં.

નોંધ : ૫. આ બંધારણ ઘડતાં પહેલાં નોંધાયેલ સામાન્ય સભ્યને વ્યવસ્થાપક સમિતિ યોગ્ય લાગે તેટલી વખત વાર્ષિક રૂા. ૩–૦૦ લઈ સભ્ય તરિકે ચાલુ રાખી શકશે.

૬. પ્રવેશ :

કોઈ પણ વર્ગના સભ્ય થવા માટે વ્યવસ્થાપક સમિતિ ઠરાવે તે મુજબ અરજી કરવાની રહેશે. સભ્ય તરીકે દાખલ કરવા કે ન કરવા તે સત્તા વ્યવસ્થાપક સમિતિની રહેશે.

## સામાન્ય સભા અને મતાધિકાર

૭. રચના :

કલમ ૫ પ્રમાણે બનેલા તેમ જ શહેર ભાવનગરમાં વસનારા બધા સભ્યોની સભાને "સામાન્ય સભા" કહેવામાં આવશે.

નોંધ : ૧. સંસ્થાના રજીસ્ટરમાં નોંધાયેલ ભાવનગરમાં વસતારા સભ્યો સામાન્ય સભાની બેઠક માટે મતાધિકાર ભોગવી શકશે. બહારગામ રહેનાર સભ્ય સામાન્ય સભામાં હાજરી આપી શકશે અને મતાધિકાર ભોગવી શકશે. પણ તેમને મિટીંગના ખબર આપવામાં આવશે નહીં અને તે હોદ્દેદાર કે વ્યવસ્થાપક સમિતિના સભ્ય થઈ શકશે નહીં.

૮. સામાન્ય સભાની બેઠક :

સામાન્ય સભાની સાધારણ બેઠક સંસ્થાના વર્ષ દરમીયાન ઓછામાં ઓછી એક વખત મળશે. જરુરિયાત મુજબ અસાધારણ અથવા ખાસ બેઠક બોલાવી શકાશે.

સામાન્ય સભાની સાધારણ બેઠકનું કામકાજ નીચે પ્રમાણે રહેશે.

૯. સામાન્ય સભાના કાર્યો :

સામાન્ય સભાની સાધારણ બેઠકનું કામકાજ નીચે પ્રમાણે રહેશે :—

(ક) હોદ્દેદારો એટલે કે એક પ્રમુખ, એક ઉપપ્રમુખ અને બે થી ત્રણ મંત્રીઓની ચૂંટણી દર પાંચ વર્ષે કરવી. જે હોદ્દેદારો ચૂંટાય તેઓ સંસ્થાના તથા વ્યવસ્થાપક સમિતિના હોદ્દેદારો ગણાશે.

For Private And Personal Use Only

(ખ) વ્યવસ્થાપક સમિતિના સભ્યોની સંખ્યા હોદ્દેદારો સહિત કુલ ૧૧ (અગીયાર) સભ્યો ચૂંટાય તેમ દર પાંચ વર્ષે કરવી

(ગ) સંસ્થાનું ગત વર્ષનું સરવૈયું તથા આવક ખર્ચના હિસાબો મંજૂર કરવા તથા તે અહેવાલને પ્રસિદ્ધિ માટે બહાલી આપવી.

(ઘ) વાર્ષિક કામકાજનો અહેવાલ મંજૂર કરવો તથા તે અહેવાલને પ્રસિધ્ધી માટે બહાલી આપવી.

(ઙ) નવા વર્ષ માટેના ખર્ચના અંદાજપત્રને બહાલી આપવી.

(ચ) સંસ્થા તરફથી કોઈપણ નવી પ્રવૃત્તિ હાથ ધરવાની તથા ચાલતી કોઈપણ પ્રવૃત્તિ બંધ કરવાની બહાલી આપવી.

(છ) સંસ્થાની પ્રવૃત્તિઓ ઉપર દેખરેખ રાખવા અને વ્યવસ્થાપક સમિતિને સલાહ સૂચના અને દોરવણી આપવી.

(જ) વર્ષ માટે અન્વેષક(ઓડીટર)ની નિમણુંક કરવી તેમ જ તેનું મહેનતાણું નક્કી કરવું.

(ઝ) સંસ્થાના મેમોરન્ડમની યાદીમાં કે બંધારણમાં ફેરફાર કરવો.

નોંધ:— ૧. સંસ્થાના બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર ખાસ તે જ હેતુ માટે બોલાવવામાં આવેલી સામાન્ય સભાની અસાધારણ બેઠકને રહેશે. બંધારણમાં સૂચવાયેલ ફેરફારની નકલ પંદર દિવસ પહેલાં સભ્યોને મોકલવાની રહેશે. કાર્યસાધક સંખ્યાના અભાવે( કોરમ ) મુલતવી રહેલી બેઠકમાં આ ફેરફાર મંજૂર કરાવી શકાશે નહીં. બેઠકમાં હાજર રહેલા સભ્યોની ¾ બહુમતિથી જ ફેરફાર મંજૂર કરી શકાશે.

૧૦. બહુમતિ :

કલમ ૯ (ઝ)ની નોંધને આધીન રહીને સામાન્ય સભાનું કામકાજ બહુમતીથી ચાલશે. બંને બાજુ સરખા મતો પડતા પ્રમુખ વધારાનો એક બીજો મત આપી શકશે.

૧૧. સામાન્ય સભાનું કોરમ-કાર્યસાધક સંખ્યા :

બેઠકની કાર્યસાધક સંખ્યા ( કોરમ ) બાર સભ્યોની રહેશે. કલમ ૯ (ઝ)ની નોંધને આધિન રહીને કાર્યસાધક સંખ્યાના અભાવે મુલતવી રહેલી અને તે જ કામ માટે ફરીથી મળેલી બેઠકને કાર્યસાધક સંખ્યાનો બાધ આવશે નહીં.

નોંધ : ૧. આ સભાની કોઈપણ બેઠકમાં હોદ્દેદારો ન હોય એવા ચાર સભ્યોની હાજરી આવશ્યક ગણાશે.

નોંધ : ૨. સામાન્ય સભાની કોરમને અભાવે મુલતવી રહેલી મીટીંગ અડધા કલાક બાદ ફરી મળી શકશે અને તે બાબત સામાન્ય સભાના ખબર સાથે નોંધમાં ખબર આપવા.

૧૨. સામાન્ય સભાની ખબર :

કલમ ૯ (ઝ)ની નોંધને આધીન રહીને બેઠક બોલાવવાના ખબર સભ્યોને ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલા મોકલવામાં આવશે. બેઠક બોલાવવાના પરિપત્રમાં તારીખ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય, સ્થળ અને કાર્યવાહી જણાવવામાં આવશે. ખબર ટપાલથી કે પરિપત્ર ફેરવીને આપવામાં આવશે. અકસ્માત કે શરતચૂકથી કોઈ સભ્યને ખબર આપવા રહી ગયા હોય અથવા મળ્યા ન હોય તેથી બેઠકના કામકાજને કાંઈ બાધ આવશે નહીં.

૧૩ મુલતવી રહેલી બેઠક :

કલમ ૯ની પેટા કલમ (ક) (ખ) (ગ) અંગેના કામકાજ માટે કોરમના અભાવે સભાની બેઠક મુલતવી રહે તો સામાન્ય સભાની ફરી બેઠક એક પખવાડીઆમાં તેના તે જ કામકાજ માટે ચોવીસ કલાકની નોટિસથી બોલાવી કામ થઈ શકશે.

૧૪ ખાસ બેઠક :

અમુક ચોક્કસ કામકાજ માટે ખાસ બેઠક બોલાવવા માટે સામાન્ય સભાના પંદર સભ્યોની લેખિત માંગણી આવ્યેથી આ માંગણી મળ્યાની તારિખથી એક માસની અંદર ખાસ બેઠક બોલાવવાનું મંત્રીઓ માટે આવશ્યક રહેશે. આવી ખાસ બેઠક નિયત કરેલાં કામકાજ માટે જ મળશે અને તેમાં બીજું કોઈ પણ જાતનું કામકાજ થઈ શકશે નહીં.

૧૫ મતાધિકાર :

(ક) સામાન્ય સભાના દરેક સભ્ય બેઠકમાં હાજર રહી એક મત આપી શકશે.

(ખ) સામાન્ય સભ્યે જે વર્ષમાં લવાજમ ભર્યું હશે તે જ વર્ષમાં ભરાતી બેઠકમાં હાજર રહીને મત આપી શકશે.

(ગ) સંસ્થા, સંઘ કે જ્ઞાનભંડાર તેમનો મતાધિકાર તેમના પ્રતિનિધિ દ્વારા–મારફત–ભોગવશે. તેમના પ્રતિનિધિનું નામ તેમણે મંત્રીઓને લેખિત જણાવવાનું રહેશે. અને તે પ્રતિનિધિ બેઠકમાં હાજર રહી સભ્ય તરીકેના બધા હક્કો ભોગવી શકશે. પરંતુ કોઈ પણ સંસ્થા, સંઘ, કે જ્ઞાનભંડાર બંધ પડતા તેમના સભ્ય તરીકેના તમામ હક્કો આપોઆપ સદંતર બંધ થઈ જશે.

૧૬ નોંધપત્રક ( રજીસ્ટર )

સંસ્થાના શહેર ભાવનગરમાં વસનારા સભ્યોનું અને બહારગામના રહીશ સભ્યોનું એક નોંધપત્રક રાખવામાં આવશે. આ નોંધપત્રકમાં દરેક સભ્યોનું નામ, ઠેકાણું, પ્રકાર વગેરે જણાવવામાં આવશે. સરનામાનો ફેરફાર જણાવવામાં નહીં આવે ત્યાં સુધી જુનું સરનામું ચાલુ રહેશે અને બધો પત્રવ્યવહાર તે સરનામે કરવામાં આવશે.

૧૭ મીટીંગનું સંચાલન :

કોઈ પણ બેઠકમાં મત આપવાની લાયકાત વગેરે બાબતોમાં તથા સભાના સંચાલન અંગે તથા તેમાં ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે બેઠકના પ્રમુખનો નિર્ણય આખરી ગણાશે બંધારણમાં સ્પષ્ટ રીતે ઠરાવ્યું ન હોય તે દરેક સભામાં મત કઈ રીતે લેવા તે સભાનાં પ્રમુખ નક્કી કરશે.

૧૮ વ્યવસ્થાપક સમિતિ : ( રચના )

સામાન્ય સભ્યોમાંથી વ્યવસ્થાપક સમિતિ નીચે પ્રમાણે બનશે.

(ક) હોદ્દાની રૂએ પ્રમુખ, ઉપપ્રમુખ અને મંત્રીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ખ) કલમ ૬ (ખ) પ્રમાણે ચૂંટાયેલા સભ્યો.

(ગ) ઉપર પ્રમાણે (ક) (ખ) મુજબ બનેલી વ્યવસ્થાપક સમિતિ યોગ્ય ગણે તો (Co-option) કોઓપશનથી બે સભ્યો ચૂંટે તે બે સભ્યો.

૧૯ મુદત :

વ્યવસ્થાપક સમિતિના હોદ્દેદારો તથા સભ્યોની મુદત પાંચ વર્ષની રહેશે. મુદત દરમિયાન કોઈ હોદ્દેદારોના કે સભ્યોના રાજીનામાથી કે કોઈ બીજા કારણથી કોઈ જગા ખાલી પડે તો તે જગા બાકી રહેલ મુદત માટે વ્યવસ્થાપક સમિતિ તે જગા ભરી શકશે.

નોંધ:-વ્યવસ્થાપક સમિતિની મુદત પુરી થાય ત્યાં સુધીમાં નવી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી થઈ ન હોય, તો એક વરસ સુધી જુની વ્યવસ્થાપક સમિતિ ચાલુ રહેશે.

૨૦ કાર્યસાધક સંખ્યા : (કોરમ)

વ્યવસ્થાપક સમિતિની કાર્યસાધક સંખ્યા (કોરમ) પાંચ સભ્યોની રહેશે. કોરમના અભાવે મુલતવી રહેલી અને ફરીથી તેજ કામને માટે મળેલી બેઠક ચાર સભ્યોની હાજરીથી કામકાજ કરી શકશે.

નોંધ : ૧. વ્યવસ્થાપક સમિતિની કોઈપણ બેઠકમાં હોદ્દેદારો ન હોય તેવા સભ્યોમાંથી ઓછા બે સભ્યોની હાજરી આવશ્યક ગણાશે.

નોંધ : ૨. કોરમના અભાવે વ્યવસ્થાપક સમિતિની બેઠક મુલતવી રહે તો સંસ્થાના મકાન મિલકત ખરીદવા, વેચવા, ફેરવવાની બાબતનો નિર્ણય તે જ દિવસે અડધા કલાક બાદ ફરી બેઠક ઉપર મુજબ મળી શકશે અને કામ થઈ શકશે.

૨૧ કાર્યક્ષેત્ર :

વ્યવસ્થાપક સમિતિનું કાર્યક્ષેત્ર નીચે પ્રમાણે રહેશે.

(ક) સંસ્થાની મિલકત ફેરવવી, રોકવી, ખરીદવી, વેચવી, પટેથી અથવા ભાડે લેવી અગર દેવી, દુરસ્ત કરવી, ઈત્યાદિ સંબંધી નિર્ણયો કરી, મંત્રીઓને સૂચના તેમ જ અધિકાર આપવા

(ખ) સંસ્થાની સામાન્યસભાએ મંજૂર કરેલી તમામ પ્રવૃત્તિઓ ચલાવવા, વ્યવસ્થા કરવા, તે અંગે જરૂરી નિર્ણયો કરવા પેટા સમિતિઓ નીમવા નિયમો કરવા.

(ગ) સંસ્થાનું અંદાજપત્ર તૈયાર કરવું.

(ઘ) સંસ્થાનું વાર્ષિક સરવૈયું, આવક ખર્ચનો હિસાબ, તથા કાર્યવાહીઓનો અહેવાલ તૈયાર કરવા અને તે સામાન્ય સભા પાસે હિસાબી વર્ષ પુરૂ થયેથી છ માસમાં મંજૂર કરાવવા તથા તેની નકલો મળ્યે છપાવી પ્રસિદ્ધ કરવા.

(ડ) હોદ્દેદારો તેમ જ નોકરોના કામકાજ ઉપર દેખરેખ રાખવી.

(ચ) માસિક રૂા. ૭૫-૦૦ થી વધારે પગારદાર નોકરોની નિમણુંક કરવી. તેની સાથે નિમણુંકની શરતો નક્કી કરવી, તેની રજા ઈત્યાદિના નિયમો ઘડવા તથા જરૂર પડયે તેને નોકરી પરથી છુટા કરવા.

(છ) સંસ્થા માટે નવી યોજનાઓ ઘડવી તથા તે સામાન્ય સભા પાસે મંજૂર કરાવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(જ) સંસ્થા હસ્તકના ખાતાઓ માટે અંદાજપત્રો, સરવૈયા, આવક ખર્ચના હિસાબો વગેરે તૈયાર કરવા તથા સામાન્યસભા પાસે મંજૂરી માટે રજૂ કરવા.

(ઝ) સંસ્થાના મેમોરન્ડમની યાદીમાં કે બંધારણમાં ફેરફાર કરવાની દરખાસ્ત તૈયાર કરી સામાન્ય સભા પાસે મંજૂરી માટે રજૂ કરવા.

(ટ) નવા સભ્યો દાખલ કરવા અરજીઓ લેવી, તે મંજૂર કે નામંજૂર કરવી અને તે માટેના નિયમો વખતો વખત કરવા તથા ફેરવવા.

(ઠ) આ બંધારણને આધિન રહીને સંસ્થાની તમામ સ્થાવર જંગમ મિલ્કતો વ્યવસ્થાપક સમિતિમાં સંપ્રાપ્ત થયેલી ગણાશે.

૨૨ મત પધ્ધતિ :

વ્યવસ્થાપક સમિતિ બહુમતીથી કામકાજ ચલાવશે. બન્ને બાજુ સરખા મતો પડે, તો બેઠકના પ્રમુખ વધારાનો એક બીજો મત આપી શકશે.

૨૩ ખબર :

વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવવાના ખબર સભ્યોને ઓછામાં ઓછા બે દિવસ પહેલા ટપાલથી કે પરિપત્ર ફેરવીને આપવામાં આવશે. પરિપત્રમાં તારીખ, સ્થળ અને સમયતથા કાર્યવાહી સામાન્યતઃ જણાવવામાં આવશે. કોઈ સભ્યને ખબર મળ્યા નથી તેવો બાધ બેઠકના કામકાજને નડશે નહીં. પરિપત્રમાં જણાવ્યા સિવાયનું કામકાજ પણ બેઠકની તથા બેઠકના પ્રમુખની મંજૂરીથી કરી શકાશે. વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવ્યા સિવાય તેના સભ્યોને કોઈ ચોક્કસ કામ માટે પરિપત્ર મોકલીને બહુમતિ સભ્યોની સંમતિથી કાર્ય થઈ શકશે.

૨૪ બેઠક :

વ્યવસ્થાપક સમિતિની બેઠક એક વર્ષમાં ઓછામાં ઓછી ત્રણ વખત મળશે. જરૂર પડયે મંત્રીઓ વધારાની બેઠકો બોલાવી શકશે.

૨૫ ખાસ બેઠક :

વ્યવસ્થાપક સમિતિ ચાર સભ્યોની અમુક ચોક્કસ કામકાજ માટે બેઠક બોલાવવાની લેખિત માંગણી આવ્યાની તારીખથી આઠ દિવસની અંદર વ્યવસ્થાપક સમિતિની ખાસ બેઠક બોલાવવી મંત્રીઓ માટે આવશ્યક રહેશે. આવી માંગણી ઉપરથી બોલાવેલ ખાસ બેઠક નિયત કામકાજ માટે જ મળશે અને તેમાં બીજું કાંઈ પણ કામકાજ થઈ શકશે નહીં.

૨૬

અસાધારણ સંયોગોમાં વ્યવસ્થાપક સમિતિની બેઠક મંત્રીઓ ચોવીસ કલાકની નોટિસથી પણ બોલાવી શકશે.

૨૭ ગેરહાજરી :

કલમ ૯ (ગ) પ્રમાણે ચૂંટાયેલા કોઈ પણ સભ્ય પ્રમુખની મંજુરી લીધા સિવાય એકી સાથે ચાર બેઠકમાં ગેરહાજર રહેશે તો તે જગ્યા ખાલી ગણી તે જગ્યા પર બીજા કોઈ સભ્યની નિમણુંક વ્યવસ્થાપક સમિતિ કરી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨૮ સંસ્થાના પ્રમુખ તેમ જ ઉપપ્રમુખ :**

સંસ્થાના પ્રમુખ તેમ જ ઉપપ્રમુખ મંત્રીઓને સલાહ સૂચને તથા માર્ગદર્શન આપશે.

**૨૯ બેઠકનું પ્રમુખસ્થાન :**

સામાન્ય સભાની તથા વ્યવસ્થાપક સમિતિના સમયે સંસ્થાના પ્રમુખ બેઠકના પ્રમુખનું સ્થાન લેશે. પ્રમુખની ગેરહાજરીમાં હાજર રહેલ ઉપપ્રમુખ તે બેઠકનું પ્રમુખ-સ્થાન લેશે અને પ્રમુખની ફરજો બજાવશે. ઉપપ્રમુખ પણ ગેરહાજર હોય તો હાજર રહેલા સભ્યો પોતામાંથી એકને પ્રમુખ સ્થાન લેવા ચૂંટી શકશે. બેઠક શરૂ થયા પછી પ્રમુખ કે ઉપપ્રમુખ હાજર થાય તો પણ તે સામાન્ય સભ્ય તરીકે કામકાજમાં ભાગ લઈ શકશે.

**૩૦ બેઠક બોલાવવાનો અધિકાર :**

અસાધારણ સંયોગોમાં મંત્રીઓને ખબર આપીને સંસ્થાના પ્રમુખ પોતાની સહીથી સામાન્ય સભાની તથા વ્યવસ્થાપક સમિતિની બેઠક બોલાવી શકશે. અને મીટીંગનું કામ-કાજ ચલાવી શકશે.

**૩૧ મંત્રીઓ :**

સામાન્યસભા અને વ્યવસ્થાપક સમિતિના નિર્ણયો અનુસાર સંસ્થાનું તમામ કામ-કાજ મંત્રીઓ ચલાવશે. મંત્રીઓની ફરજો, જવાબદારીઓ અને હક્કો સંયુક્ત ગણાશે અને તેઓમાંથી કોઈ પણ એક મંત્રીઓની સત્તાઓનો ઉપયોગ કરી શકશે. બીજા અધિ-કારો અને ફરજો સાથે તેમના અધિકારો અને ફરજો નીચે પ્રમાણે રહેશે.

(ક) સંસ્થાની તમામ પ્રવૃત્તિઓનું સંચાલન કરવું તેના અંગેના અહેવાલો તથા સૂચનાઓ અને યોજનાઓ વ્યવસ્થાપક સમિતિ પાસે રજૂ કરવા.

(ખ) સંસ્થાવતી તમામ પત્ર વ્યવહાર કરવો.

(ગ) સામાન્ય સભા તેમ જ વ્યવસ્થાપક સમિતિની બેઠકો બોલાવવી તેમ જ બેઠકોમાં થયેલ કામકાજની પાકી નોંધ રાખવી.

(ઘ) સંસ્થાના નોકરો અને કાર્યકરો ઉપર દેખરેખ રાખવી, તેમના ઉપર નિયંત્રણ રાખવું, તેમને હૂકમો તથા સૂચનાઓ આપવી.

(ઙ) માસિક રૂ. ૭૫-૦૦થી ઓછા પગારદાર નોકરોને પ્રમુખની અનુમતી મેળવી રાખવા તથા તેમને છુટા કરવા.

(ચ) સંસ્થામાં યોગ્ય વ્યક્તિની મુલાકાતો ગોઠવવી.

(છ) સંસ્થાના પ્રકાશનો યોગ્ય વ્યક્તિઓ તથા સંસ્થાઓને ભેટ આપવા.

(જ) મેમોરેન્ડમની યાદી કે બંધારણ અનુસાર મંત્રીઓની તમામ ફરજો તથા જવાબદા-રીઓ અદા કરવી તથા હક્કો ભોગવવા.

(ઝ) સંસ્થાના તમામ હિસાબો ઉપર મંત્રીઓ દેખરેખ રાખશે અને સંસ્થાના નાણાંની વ્યવસ્થા વ્યવસ્થાપક સમિતિના ઠરાવો અનુસાર કરશે મદદની રકમો તેમ જ લેણું વસુલ કરશે તેમ જ નાણાં ચુકવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૮) સંસ્થાવતી તમામ કાયદેસર પગલાં લઈ શકશે તથા બચાવ કરશે તથા સરકારી તેમ જ સ્થાનિક સ્વરાજ્યની અને બીજી કચેરીઓ તથા ઓફિસો પાસે સંસ્થાવતી હાજર થઈ કામકાજ કરી શકશે. પત્રકો વગેરે ફાઈલ કરશે. અરજ અહેવાલ કરશે તથા વકીલો વગેરે રોકી શકશે.

(૯) મંત્રીઓ સંસ્થાના નાણાંકીય વહિવટ તથા હિસાબી કામકાજ ઉપર દેખરેખ રાખશે. રસીદો, વાઉચરો પર સહી કરશે.

(૬) મંત્રીઓ અંદાજપત્ર. સરવૈયું, આવકખર્ચના હિસાબ વગેરે તૈયાર કરશે અને વ્યવસ્થાપક સમિતિ પાસે રજુ કરશે.

## ૩૨. જવાબદારી :

પ્રત્યેક કાર્યવાહક પોતાના કાર્ય પુરતા જવાબદાર રહેશે અને શુદ્ધબુદ્ધિથી કામ કરતા સંસ્થાની મિલ્કતોની રોકાણમાં કે કિંમતમાં ઘટાડો થાય તો તે માટે જવાબદાર રહેશે નહીં. જેનાથી સંસ્થાને જાણીબુઝીને નુકશાન થયું હશે તે ભરી આપવા માટે જવાબદાર રહેશે.

## ૩૩. સંસ્થાના અન્વેષક ( ઓડીટર ) :

સંસ્થાના સભ્ય ન હોય તેવી કોઈ લાયક વ્યક્તિને આ સભા દર વર્ષે અન્વેષક (ઓડીટર) નીમશે. તે આ સંસ્થાનો હિસાબ તપાસશે અને તપાસ્યા બદલ પોતાની સહી સાથે લેખિત પ્રમાણપત્ર આપશે.

## ૩૪. જોડાણ :

સંસ્થાના જેવા ઉદ્દેશો ધરાવતી કોઈ બીજી સંસ્થા સાથે સંપૂર્ણપણે કે અંશતઃ જોડાવા કે ગમે તે પ્રકારે સહકાર કરવા અને સાથે કામ કરવા સંસ્થા હક્કદાર રહેશે. પરંતુ કોઈપણ બીજી સંસ્થા સાથે જોડાણ કરવા માટે સંસ્થાના સભ્યોની ખાસ બેઠક પૂરા પંદર દિવસ અગાઉથી નોટિસ આપીને બોલાવવાનું અને તેવી બેઠકમાં હાજર રહેલા સભ્યોની ¾ સંખ્યાની સંમતિ હોવાનું આવશ્યક રહેશે.

## ૩૫. ટ્રસ્ટીઓ :

સંસ્થાની કોઈપણ મિલકતો માટે વ્યવસ્થાપક સમિતિને જરૂર લાગે ત્યારે વ્યવસ્થાપક સમિતિ ટ્રસ્ટીઓ નીમી શકશે, અને તેના કામકાજ, અધિકાર, રચના, બંધારણ વગેરે માટે વ્યવસ્થા અને નિયમો કરી શકશે અને તેમાં ફેરફાર કરી શકશે તથા રદ કરી શકશે

## ૩૬. વિસર્જન :

કોઈ સંયોગોમાં સંસ્થા બંધ પડે અને તેનું વિસર્જન થાય તો સંસ્થાની મિલકત સંસ્થાના ઉદ્દેશો પાર પાડવામાં વપરાય તેવી શરતો સાથે કોઈ સ્થાનિક જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંસ્થાને સોંપવી. આવી સોંપણી ન થઈ શકે તો મિલકતો શ્રી ભાવનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને સોંપી દેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૭. વિશિષ્ટ ફંડ :

સંસ્થા હસ્તક વિશિષ્ટ ફંડ કે ખાતાં હશે તેનો વહિવટ તથા ઉપયોગ તે તે વિશિષ્ટ કામમાં કરવામાં આવશે.

૩૮. નાણાનું રોકાણ :

'ટ્રસ્ટ' કાયદાને આધીન રહીને સંસ્થાની મિલકતો, ફંડો તથા નાણાના રોકાણ માટે વ્યવસ્થાપક સમિતિ વખતો વખત નિયમો, ઠરાવો તથા વ્યવસ્થા કરશે તથા યોગ્ય લાગે તેમ તેમાં ફેરફાર કરી શકશે તથા યોગ્ય સત્તાની મંજુરીની જરૂર હોય તો તે મેળવીને સંસ્થાના નાણાં કોઈ પ્રાઈવેટ કે જાહેર લિમીટેડ કંપનીમાં ડીપોઝીટ મૂકેલ હોય તે ચાલુ રાખવાનું અથવા નવા મૂકવાનું અથવા જાહેર લિમીટેડ કંપનીના ૬% ઉપરાંત વ્યાજ આપતા ફર્સ્ટ પ્રેફરન્સ શેરો તથા ડીબેંચરોમાં રોકવાનું વ્યવસ્થાપક સમિતિ ઠરાવી શકશે.

૩૯. ઉચિત ફેરફાર :

આ બંધારણની વિરૂદ્ધ ન હોય તેવી રીતે સંસ્થાના કામકાજ તથા વહિવટ માટે વ્યવસ્થાપક સમિતિ વખતો વખત વ્યવસ્થા, નિયમો તથા ઠરાવો કરી શકશે તથા ફેરવી શકશે.

૪૦. અમલ :

આ બંધારણ સંવત ૨૦૧૭ના ભાદરવા શુદ ૭ તા. ૧૭-૯-૧૯૬૧ થી અમલમાં આવશે અને ત્યારથી તે અગાઉનું બંધારણ તથા તેને લગતા સમાન્ય સભા તેમ જ વ્યવસ્થાપક સમિતિના જે કોઈ ઠરાવો હશે અથવા પ્રણાલિકા હશે તે આ બંધારણ વિરૂદ્ધ હશે તેટલા અંશે રદ થયેલા ગણાશે; પરંતુ સદરહુ તારીખ પહેલાં અગાઉના બંધારણ તથા ઠરાવોને અનુસરી જે કાંઈ કામકાજ થયા હશે કે શરૂ થયેલ હશે તે કાયદેસર ગણાશે. સદરહુ તારીખથી ચાલુ કામકાજને પણ શકય હશે ત્યાં સુધી આ બંધારણ લાગુ પડશે.

**મંગાવો :—**

**શાંતિસ્નાત્ર માટે જરૂરી ચીજોની છાપેલી યાદી પોસ્ટ ખર્ચ માટે આઠ નયા પૈસાની ટીકીટ બીડવાથી મફત મોકલાશે.**

**ઇન્દુલાલ મગનલાલ પાલેજવાળા**
**રાધનપુરી બજાર**
**ભાવનગર-૧**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


અપૂર્વ પ્રકાશન અવશ્ય વસાવો

# લલિત વિસ્તરા

કર્તા–સમર્થ વિદ્વાન મહર્ષિશ્રી હરિભદ્રસૂરીશ્વરજી
વિવેચનકર્તા–ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા M. B. B. S.

ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૭૬૨, પાકું હોલક્લોથ બાઈંડીંગ, સુંદર છાપકામ
**મૂલ્ય માત્ર રૂપિયા નવ**

"શ્રી સિદ્ધર્ષિ" જેવા મહાવિદ્વાન આચાર્ય મહારાજશ્રી પણ જે ગ્રંથના વાચનથી જૈન ધર્મમાં સ્થિર થયા તેવા આ અપૂર્વ ગ્રંથનું મૂલ્યાંકન થઈ શકે નહિ.
જૈન ધર્મનું હાર્દ સમજવા માટે તેમજ ચૈત્યવંદન–રહસ્ય સમજવા માટે આના જેવો ઉત્તમ કોટિનો કોઈ ગ્રંથ નથી. આ ગ્રંથને બાળજીવો અને સૌ કોઈ સરળ રીતે સમજી શકે તે માટે વિદ્વાન લેખક ડૉ. ભગવાનદાસે સુંદર વિવેચન આલેખ્યું છે અને તે અંગે પંચાંગી યોજના કરી છે.

અતિ આવશ્યક આવા ગ્રંથની પ્રશંસા કરવી તે સુવર્ણને ઓપ આપવા જેવું છે. દરેક ધર્મપ્રેમી ગૃહસ્થે અને લાયબ્રેરીના વ્યવસ્થાપકે આવો સુંદર ગ્રંથ વસાવી લેવો જોઈએ. કીંમત રૂપિયા નવ, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

# જૈન રામાયણ

પ્રસિદ્ધ થઈ ગયું છે

[ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર–પર્વ ૭ મું ભાષાંતર ]

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

- કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
- બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

મૂલ્ય રૂા. ચાર ( પોસ્ટેજ અલગ )

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only